વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
એરૂ ચાર રસ્તા, નવસારી—૩૯૬૪૫૦

# પરિપત્ર

જયભારત સહ જણાવવાનું કે, રાજ્ય સરકારશ્રી તરફથી આગામી તા. ૨૬/૧૦/૨૦૧૫ થી તા.૦૭/૧૧/૨૦૧૫ દરમ્યાન રવિ કૃષિ મહોત્સવ—૨૦૧૫નું આયોજન કરવામાં આવેલ છે. રવિ ઋતુમાં ખેડૂતોને શિયાળુ પાકો અંગે આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે માર્ગદર્શન મળી રહે તે ઉદ્દેશને ધ્યાને લઈને તાલુકા દીઠ આયોજીત થનાર ખેડૂત શિબિરમાં યુનિવર્સિટીના કૃષિ વૈજ્ઞાનિકોએ કૃષિ તજજ્ઞ તરીકે સેવા આપવાની થાય છે. દક્ષિણ ગુજરાતના સાતેય જિલ્લાઓમાં કૃષિ તજજ્ઞોની સંકલનની જવાબદારી અર્થે માન. કુલપતિશ્રીની આજ્ઞાનુસાર નીચે દર્શાવેલ અધિકારીઓની જિલ્લા નોડલ ઓફિસર તરીકે નિમણૂંક કરવામાં આવે છે. તાલુકાવાર યોજાનાર કાર્યક્રમોમાં સેવા આપનાર વૈજ્ઞાનિકોની યાદી હાલ તૈયાર થઈ રહી છે, જે આખરી થયે પ્રસિધ્ધ કરવામાં આવશે.

| અ.નં. | અધિકારીનું નામ અને હોદ્દો | જિલ્લો |
|---|---|---|
| ૧ | ડૉ. બી.જી. સોલંકી, સંશોધન વૈજ્ઞાનિકશ્રી(કપાસ), મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, અઠવા લાઈન્સ, સુરત | સુરત |
| ૨ | ડૉ. ડી.કે. શર્મા, સંશોધન વૈજ્ઞાનિક, કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, નકૃયુ, પરીયા, તા.પારડી, જિ.વલસાડ | વલસાડ |
| ૩ | ડૉ. જે.જી. પટેલ, પ્રાધ્યાપકશ્રી, કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, મકતમપુર, ભરૂચ | ભરૂચ |
| ૪ | ડૉ. વી.જે. ઝીંઝાલા, પ્રોગ્રામ કોઓર્ડિનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, વઘઈ, જિ.ડાંગ | ડાંગ |
| ૫ | ડૉ. જે.એચ. રાઠોડ, પ્રોગ્રામ કોઓર્ડિનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, દેડીયાપાડા, જી.નર્મદા | નર્મદા |
| ૬ | ડૉ. એસ.સી. માલી, સંશોધન વૈજ્ઞાનિકશ્રી(શેરડી), વિભાગીય શેરડી સંશોધન કેન્દ્ર, નકૃયુ, નવસારી | નવસારી |
| ૭ | ડૉ. સી.ડી. પંડયા, પ્રોગ્રામ કોઓર્ડીનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, વ્યારા, જિ.તાપી | તાપી |

**જિલ્લા નોડલ ઓફિસર તરીકેના કાર્યો અને ફરજો :**

૧. ખેતીવાડી ખાતુ તથા જિલ્લા વહીવટી તંત્ર તરફથી રવિ કૃષિ મહોત્સવ—૨૦૧૫ માટે બોલાવવામાં આવતી જિલ્લા કક્ષાની બેઠકોમાં યુનિવર્સિટીના પ્રતિનિધી તરીકે હાજરી આપવી.
૨. કોઈ આકસ્મિક/અનિવાર્ય કારણોસર કૃષિ તજજ્ઞ તાલુકા શિબીરમાં હાજર રહી શકે તેમ ન હોય તો સ્થાનિક કક્ષાએથી અન્ય કૃષિ તજજ્ઞોની વ્યવસ્થા ગોઠવીને તેની અત્રે જાણ કરવી.
૩. રવિ કૃષિ મહોત્સવના કાર્યક્રમમાં મહાનુભાવો કે મંત્રીશ્રીઓ ઉપસ્થિત રહેવાના હોય તો જિલ્લા નોડલ ઓફિસર તરીકે અવશ્ય હાજર રહેવું તથા અત્રેની કચેરી તે બાબતની અગાઉથી જાણ કરવી.
૪. જે તે જિલ્લાના કૃષિ અને સંલગ્ન ખાતાઓ તથા વહીવટી તંત્ર સાથે યોગ્ય સંકલન કરી યુનિવર્સિટીના પ્રતિનિધી તરીકે કામગીરી બજાવવાની રહેશે.
૫. રવિ કૃષિ મહોત્સવ—૨૦૧૫ દરમ્યાન હાથ ધરેલ નોંધપાત્ર કાર્યક્રમોની વિગત તથા સારા ફોટોગ્રાફસ સોફટ કોપીમાં અત્રેની કચેરીમાં મોકલી આપવા.

ઉપરોકત પરિપત્ર મા.કુલપતિશ્રીની મંજુરી લઈને યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં. નકૃયુ/વિશિનિ/ડી—૧/વેબ—૪૧/૨૦૧૫
નવસારી તા.૧૪/૧૦/૨૦૧૫

**નકલ સવિનય રવાના પ્રતિ :**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા વિનંતી સહ...
૨. પશુપાલન નિયામક અને કન્વીનરશ્રી, કેન્દ્રિય મોનીટરીંગ સેલ, રવિ કૃષિ મહોત્સવ—૨૦૧૫, કૃષિભવન, ગાંધીનગર
૩. યુનિવર્સિટી અધિકારીશ્રીઓ/તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓ તરફ જાણ થવા સારું.
૪. ઉપર કોઠામાં દર્શાવેલ જિલ્લા નોડલ ઓફિસરો તરફ જાણ તથા ઘટતું થવા સારું.
૫. દક્ષિણ ગુજરાતના સાતેય જિલ્લાઓના જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારું.